ગાંધીનગર સમાચાર





## પાલનપુર ખાતે જમિયત ઉલેમા એ હિન્દ દ્વારા રેલી યોજાઈ

આજે બનાસકાંઠામાં જમિયત ઉલેમા એ હિન્દના નેજા હેઠળ મોહમદ પયંગબર માટે વિવાદિત નિવેદન બદલ આરોપીને કઠોર સજા માટે એક વિશાળ રેલીનું આયોજન કરાયું હતું. જેમાં અંદાજીત ૫૦ હજારથી વધુ મુસ્લિમ બિરાદરો રેલીના ભાગીદાર બન્યા હતા. પાલનપુરના સાત સંચાથી જિલ્લા કલેક્ટર કચેરી સુધી આ રેલી યોજાઈ હતી. રેલીને પગલે પાલનપુર શહેરના તમામ રસ્તાઓ પર ભારે ટ્રાફિક જામ થવા પામ્યો હતો. મુસ્લિમ બિરાદરોએ મૌન રેલી બાદ જિલ્લા કલેક્ટર કચેરીએ આવેદનપત્ર આપી પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો તેમજ આરોપીને કડકમાં કડક સજા કરાવવા અનુરોધ કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### દેવગઢ કંપા ખાતે દૂધ ઉત્પાદકોના અર્થકારણ વિશે પરિસંવાદ યોજાશે

સાબરકાંઠાના ઈડર સ્થિત દેવગઢ કંપા ખાતે ૨૯ ડિસમ્બરને સવારે ૧૦ કલાકે દૂધ ઉત્પાદકોના અર્થકારણ વિશેનો પરિસંવાદ યોજાશે.

આ પરિસંવાદમાં રાજ્યના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલી, સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહ, કનુભાઈ નાયક, ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, માલતીબેન ચૌધરી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. આ ઉપરાંત સાબરકાંઠાની દિકરી જીનાલી દેસાઈના શોધ નિબંધ સાબરડેરીની આદિવાસી કુટુંબો પર પડેલી આર્થિક અસરોનું રાજ્યપાલ ઓમપ્રકાશ કહોલીના હસ્તે લોકાર્પણ અને વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાશે. તેમ આયોજકોએ જણાવ્યું હતું.

### પ્રાંતિજ કાપડ મહાજનના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ક્લોથ એન્ડ રેડીમેડ એસોસીએશનની વાર્ષિક સામાન્ય બેઠક તાજેતરમાં કમાલપુર ખાતે માર્કેટયાર્ડમાં મળી હતી. જેમાં અરવિંદભાઈ કોઠારીના કાર્યકારી પ્રમુખ સ્થાને મળી હતી. જેમાં નવા વર્ષના પ્રમુખ સહિત હોદદારોની વરણી કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ તરીકે શાહ ભરતકુમાર રમણલાલ, ઉપપ્રમુખપદે અશોકકુમાર ચંદુલાલ ભાવસાર મંત્રી તરીકે શાહ રાજેન્દ્રકુમાર ચંદુલાલ, સહમંત્રી તરીકે શાહ સંદીપકુમાર સુરેશચંદ્ર તથા ખજાનચી તરીકે રમેશચંદ્ર ડાહ્યાલાલ ભાવસારની વરણી કરવામાં આવી હતી.

### રાજ્યકક્ષાનું શૈક્ષણિક પ્રદર્શન ગણપત યુનિવર્સિટી ખાતે યોજાશે

મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી તથા યુ.વી. પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ, ગણપત યુનિવર્સિટી, ખેરવાના સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાનું ૫૩મુ ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન તથા ડિસ્ટીક એજ્યુકેશન ફેર યોજાનાર છે. આ પ્રદર્શન અને ફેર તા. ૨૭થી ૩૧ ડિસેમ્બર દરમ્યાન યોજાશે. જેમાં ૧૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ ૪૦૦ જેટલા વિવિધ મોડેલ્સ રજુ કરશે.

### મહેસાણા જિલ્લામાં થ્રી વ્હીલર વાહનોની નવી સીરીઝની શરૂઆત

મહેસાણા જિલ્લામાં થ્રી વ્હીલર અને ગુડ્ઝની નવી સીરીઝ તા. ૨૨ જાન્યુઆરીથી શરૂ થનાર છે. જેની હરાજી અંગેના ફોર્મ તા. ૧૮ થી ૨૨ જાન્યુઆરી સુધી આરટીઓ કચેરીમાં મળી રહેશે. નવી સીરીઝ **GJ02YY** થી શરૂ થનાર છે.

પસંદગીના નંબર મેળવવા માટે વાહન ખરીદીના સાત દિવસની અંદર CAN ફોર્મ, ફોર્મ ૨૦ તથા હરાજી માટેનો રાષ્ટ્રીયકૃત બેન્કનો ડિમાન્ડ ડ્રાફ્ટ ભરી પસંદગીના નંબર માટેની હરાજીમાં ભાગ લઈ શકાશે. લઘુત્તમ ડી ગોલ્ડન નંબર માટે રૂ. ૨૫,૦૦૦ તથા સીલ્વર નંબર માટે રૂ. ૧૦,૦૦૦ રાખેલ છે.

### મજરા ગામે રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ ઉજવાયો

સાબરકાંઠાના મજરા ખાતે ૨૪મી ડિસેમ્બરથી રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ તરીકે ઉજવવામાં આવે છે જે ઉજવણીના ભાગરૂપે શ્રી ભૈરવનાથ વિદ્યા મંદિર મજરા ખાતે ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજના ઉપક્રમે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમોમાં તોલમાપ કચેરી, હિંમતનગરના જુનિયર નિરીક્ષક કે.આર. ગામેતીએ તોલમાપ અંગેની જાગૃતિ રાખવા ઉપર અને ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હિંમતનગર ફુડ સેફટી ઓફિસર એન.જે. ત્રિવેદી હાજર રહીને ખોરાકોમાં જે ભેળસેળ થતી હોય તેમાં જાગૃતિ રાખવા બાબતની માહિતી સમજાવી હતી.

આ કાર્યક્રમમાં ગ્રાહક હિત સુરક્ષા મંડળના પ્રમુખ નટુભાઈ બારોટ દ્વારા રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસનું મહત્વ ગ્રાહક સુરક્ષા કાયદો અને બજારની ખરીદીમાં ધ્યાનમાં રાખવાની બાબતો અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડી.કે. રાવલ દ્વારા અને આર.કે. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### હિંમતનગરના મહેતાપુરામાંથી ૧.૨૫ લાખની જીપ ચોરાઈ

હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં રામજી મંદિર આગળ દૂધ ડેરી પાસે પાર્ક કરેલ જીપ નં. જીજે-૯-બી ૩૯૧૧ની અજાણ્યા શખ્સો સમવારે રાત્રે ચોરી કરીને લઇ ગયા હતા. જે અંગે રાજુભાઈ ઈન્દ્રવદનભાી વ્યાસે મંગળવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જીપ ચોરાયાની ફરિયાદ નોંધાવી છે.

### અક્ષર સોસાયટીમાંથી બોલેરો ચોરાઈ

મોતીપુરા વિસ્તારમાં આવેલ અક્ષર સોસાયટીના મકાન નં. ૫૭ આગળ પાર્ક કરેલ બોલેરો જીપ નં. જીજે-૦૯-એજી-૮૬૧૬ની અજાણ્યા શખ્સો સોમવારે રાત્રે ચોરી કરીને લઇ ગયા હતા. જે અંગે શૈલેન્દ્રસિંહ ભુપતસિંહ મકવાણાએ મંગળવારે હિંમતનગર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે બોલેરો જીપ ચોરાયાની ફરિયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# અરવલ્લી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં કોંગ્રેસનો પંજો

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લા પંચાયતમાં આજે પ્રમુખ તથા ઉપપ્રમુખની વરણી કરવામાં આવી. જેમાં જિલ્લા પંચાયતના પ્રમુખપદે રાજુભાઈ પારઘી તથા તાલુકા કોંગ્રેસ પ્રમુખપદે સોમસિંહ પરમારની વરણી થતા સૌ કોંગ્રેસી કાર્યકરોએ વધાવી લઈ અભિનંદન આપ્યા હતા. આમ બન્ને વિસ્તારમાં કોંગ્રેસનો ધ્વજ લહેરાતા લોકોના અટકેલા કામો થશે તેવી આશા બંધાઈ છે.

અરવલ્લી જિલ્લા પંચાયતમાં પહેલા ભાજપાનું શાસન હતુ પણ ભ્રષ્ટાચારે માજા મુકતા તાજેતરમાં થયેલી ચૂંટણીમાં મોટાભાગના સભ્યો ઘર ભેગા થયા હતા અને બહુમતિ કોંગ્રેસની આવી હતી. આજે અરવલ્લી જિલ્લા



પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. જેમાં યુવા કાર્યકર રાજુભાઈ પારઘીની પ્રમુખપદે વરણી કરવામાં આવી હતી. જ્યારે ઉપપ્રમુખ પદે કિર્તીભાઈ પટેલ આવ્યા હતા. મોડાસા તાલુકા પંચાયત પ્રમુખ પદ માટે આગલા દિવસે મેન્ડેટને લઈને ભારે રસાકસી થઈ હતી. આખરે પ્રમુખ પદે ઓમસિંહ પરમાર તથા ઉપપ્રમુખપદે વાલાભાઈ ભરવાડ ચૂંટાઈ આવ્યા હતા. આમ પ્રજાએ બન્ને સંસ્થામાં ભાજપાને જાકારો આપીને કોંગ્રેસને સત્તા સ્થાને બેસાડી છે.

**અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખપદે રાજુભાઈ પારગી તથા ઉપપ્રમુખ પદે કિર્તીભાઈ પટેલ ચૂંટાયા : સત્તા પરિવર્તન થતા લોકોના ઉપયોગી એવા કામો થશે તેવી આશા : હજારો કાર્યકરો અભિનંદન આપવા ઉમટ્યા**

ત્યારે લોકોના અટકેલા કામો થશે તેમાં બેમત નથી. ભાજપાના શાસનમાં એન.એ.ની પરિમિશન આપવા લાખો લેવાયા હોવાની ઘટના બની હતી. જેના લીધે ભારે શરમજનક સ્થિતિમાં મુકાવું પડ્યું હતું. આમ નવા ચૂંટાયેલા પ્રમુખો લોકાભિમુખ વહીવટ કરશે તોજ પ્રજા ફરીથી તેમને ચાન્સ આપશે તેમાં બેમત નથી. આજે યોજાયેલી ચૂંટણીમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, મહેન્દ્રસિંહ વાઘેલા, અનીલ જોષીઆરા સહિત વિવિધ આગેવાન ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો ઉમટી પડીને આ વરણીને વધાવી લીધી હતી.



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પંચાયત કોંગ્રેસના પ્રમુખ અને ઉપ પ્રમુખની નિમણુંક કરાતાં આનંદની લાગણી પ્રસરી હતી. ભિલોડા તાલુકા પંચાયત કોંગ્રેસ પ્રમુખ પદે કુંદનબેન વનરાજભાઈ ડામોર અને ઉપપ્રમુખ પદે તુલસીભાઈ કાવડાજી પાંડોરની નિમણુંક કરાઈ હતી. આ પ્રસંગે ડૉ. અનિલભાઈ જોષીયારા ભિલોડા ધારાસભ્ય, અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય શુભેન્દ્રસિંહ સિસોદીસા, લાલજીભાઈ બોડાત, ચિમનભાઈ કટારા, મુકેશભાઈ પટેલ, બાબુલાલ પરમાર, વનરાજભાઈ ડામોર, ભરતભાઈ ત્રિવેદી, રમણભાઈ ઠાકોર સહિત ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતીના હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની વરણી

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે તાલુકા પંચાયતની ચૂંટણી બાદ તા. ૨૨-૧૨-૨૦૧૫ને મંગળવારના રોજ તાલુકા પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા નાયબ જિલ્લા વિ. અધિકારી શ્રી કુચારા અને સચિવ તરીકે ટી.કે. વાઘેલા તાલુકા શિક્ષણાધિકારી ચૂંટણી અધિકારીના અધ્યક્ષ સ્થાને હાથ ધરવામાં આવી હતી.

તાલુકા પંચાયત ખાતે પ્રમુખ-ઉપપ્રમુખ માટેના ઉમેદવારી ફોર્મ તા. ૨૧-૧૨-૨૦૧૫ને સોમવારના રોજ ભાજપ-કોંગ્રેસમાંથી પ્રમુખ ઉપપ્રમુખ માટે કુલ ચાર ફોર્મ ભરાયા હતા. જ્યારે ૨૨મીને મંગળવારના રોજ ચૂંટણી અધિકારી દ્વારા તાલુકા



પંચાયતના વિશાળ હોલમાં ભાજપ-કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યોની હાજરીમાં પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરી હતી. જેમાં કોંગ્રેસના પ્રમુખ પદના દાવેદાર રાઠોડ દક્ષાબેન સુરેશભાઈને ૧૩ મત અને ભાજપના પ્રમુખ પદના ઉમેદવાર ચમાર મંજુલાબેન રાજેશભાઈને ૭ મત અને કોંગ્રેસના ઉપપ્રમુખના ઉમેદવાર પટેલ વિષ્ણુભાઈ વિઠ્ઠલભાઈ-૧૩ મત જ્યારે ભાજપ ઉપપ્રમુખના ઉમેદવારને ૭ મત મળ્યા હતા. જ્યારે ચૂંટણી અધિકારી દ્વારા રાઠોડ દક્ષાબેનને પ્રમુખ તથા પટેલ વિષ્ણુભાઈને ઉપપ્રમુખ જાહેર કર્યા હતા. જ્યારે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, કોંગ્રેસ પ્રમુખ નરેન્દ્રભાઈ, મણીભાઈ, બીપીનભાઈ, રામભાઈ સહિત કોંગ્રેસ કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને પ્રમુખ ઉપપ્રમુખને ફૂલહાર પહેરાવી કોંગ્રેસ કાર્યકરોએ વધાવી લીધા હતા.

# ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ ચૂંટાયા

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માટે



ખેડબ્રહ્માના નાયબ કલેક્ટર વિશાલ સકસેનાના અધ્યક્ષસ્થાને તાલુકા પંચાયતના સભાખંડમાં ચુંટાયેલા સદસ્યોની સભા મંગળવારે મળી હતી. જેમાં કોંગ્રેસના ૧૩ અને ભાજપના ૭ મળી બધાજ ૨૦ સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. સોમવારે ભરાયેલા પ્રમુખ અને ઉપપ્રમુખના ઉમેદવારને બીન હરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં પ્રમુખ તરીકે કુંવરબેન જવાહરલાલ ગમાર તથા ઉપપ્રમુખ તરીકે કનુભાઈ ડાહ્યાભાઈ પટેલને કોંગ્રેસી કાર્યકરોએ વધાવી લીધા હતા. દસ વર્ષથી તાલુકા પંચાયતમાં કોંગ્રેસનું શાસન આવતા કોંગ્રેસી કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળતો હતો. જે ફટાકડા ફોડી તથા ગુલાલ ઉડાડી વ્યક્ત કર્યો હતો. સમગ્ર તાલુકા પંચાયત પરિસર કોંગ્રેસ જીંદાબાદ, આરો રે આયો પંજો આયોના નારાથી ગુંજી ઉઠ્યો હતો. કોંગ્રેસના પ્રમુખ ઉપપ્રમુખનું સરઘસ વાજતેગાજતે કાઢવામાં આવ્યું હતું. આ સરઘસમાં તાલુકા કોંગ્રેસના પ્રમુખ જનકસિંહ વાઘેલા, નરેશભાઈ પટેલ, પ્રકાશ બ્રહ્મભટ્ટ, શહેર પ્રમુખ જીજ્ઞેશભાઈ જોષી, પાલિકા પ્રમુખ સાગરભાઈ પટેલ, પ્રવિણસિંહ સોલંકી, જવાહલાલ ગમાર સહીત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

# મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની વરણી

મહેસાણા, તા. ૨૨

મહેસાણા જિલ્લા પંચાયત અને જિલ્લાની દસ તાલુકા પંચાયતોમાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે આજે ચૂંટણી યોજાઈ હતી. જેમાં મહેસાણા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ અને તાલુકાની દશ તાલુકા પંચાયતો પૈકી છ તાલુકા પંચાયતોમાં કોંગ્રેસે સત્તાના સૂત્રો સંભાળ્યા હતા. જ્યારે ત્રણ તાલુકા પંચાયતોમાં ભાજપે સત્તા હાંસલ કરી હતી. જ્યારે કડી તાલુકા પંચાયતના હોદ્દેદારોની વરણી બાબતે ભાજપ અને કોંગ્રેસના જૂથો વચ્ચે તકરાર થતા ચૂંટણી પ્રક્રિયા રદ કરવામાં આવી હતી.

આજે મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે યોજાયેલ ચૂંટણીમાં પ્રમુખ તરીકે કોંગ્રેસના ભાન્ડુ બેઠક પરથી વિજયી થયેલ સદસ્ય રણજીતસિંહ ઠાકોર પ્રમુખ તરીકે અને મલેકપુર (ખે) બેઠક પરના કોંગ્રેસના મહિલા ઉમેદવાર મંજુલાબેન ચૌધરી ઉપપ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

જ્યારે મહેસાણા તાલુકા પંચાયતમાં પ્રમુખ પદે કૈલાશબેન ઠાકોર અને ઉપપ્રમુખ તરીકે ભાવેશભાઈ પટેલ, જોટાણા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે પ્રહલાદજી ઠાકોર અને ઉપપ્રમુખ તરીકે મણીબા ઝાલા, ઊંઝા તાલુકા પંચાયતમાં પ્રમુખ શાંતાબેન પટેલ ઉપપ્રમુખ અંબાલાલ પટેલ, બેચરાજી તાલુકા પંચાયત પ્રમુખ સરોજબા દરબાર, ઉપપ્રમુખ વિષ્ણુજી ઠાકોર તેમજ વિસનગર અને વિજાપુર તાલુકા પંચાયતોમાં કોંગ્રેસે સત્તા સંભાળી છે. વડનગર, ખેરાલુ અને સતલાસણા તાલુકા પંચાયતોમાં ભાજપે સત્તા કબજે કરી હોવાનું જાણવા મળેલ છે.

# મેઘરજ તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની વરણી કરાઈ

ઈસરી, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકા પંચાયતના સદસ્યો ચુંટાયેલ હતા જેમાં ભાજપ ૧૨, કોંગ્રેસ ૮ અને અપક્ષ ૨ સદસ્યો એમ મળી કુલ ૨૨ સદસ્યોનો ટેકો મળતાં કુલ ૧૪ મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર લક્ષ્મણભાઈ ભગોરાને ૮ મત મળ્યા હતા. જેમાં ભાજપના ઉમેદવારને ૧૪ મત મળતાં અધ્યાશી વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા અને આમ આ સમગ્ર ચૂંટણી કરાવવામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી અરવલ્લી, મામલતદાર આર.કે. ઓઝા, તાલુકા વિકાસ



સદસ્યો ચુંટાયા હતા. જેમના થકી પ્રમુખ અને ઉપ પ્રમુખની ચૂંટણી આજરોજ કરવામાં આવી હતી.

આ ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષના સદસ્યોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં ભાજપમાંથી ચુંટાયેલા પ્રમુખ પદના ઉમેદવાર દિલીપભાઈ સુવેરાને ભાજપના ૧૨ અને અપક્ષના ૨ અધિકારી નાયબ જિલ્લા વિકાસ અધિકારી અરવલ્લી તથા મામલતદાર મેઘરજ દ્વારા ભાજપના મેઘરજ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે દિલીપભાઈ સુવેરાને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. તે પ્રમાણે ઉપ પ્રમુખ પદ માટે ભાજપના કોકિલાબેન રમેશભાઈ ડામોરને પણ ૧૪ મત મળતા તેઓને અધિકારી એચ.કે. પંચાલ તથા આ. તાલુકા વિકાસ અધિકારી મૌલીકભાઈ હાજર રહી આ ચૂંટણીની કાર્યવાહિનું સંચાલન કરવામાં આવ્યું હતું. અને આ વિજેતા બનેલા ઉમેદવારો દ્વારા મેઘરજ નગરમાં ડી.જે. સાઉન્ડ સાથે ભવ્ય સરઘસ કાઢવામાં આવ્યું હતું અને રંગબેરંગી ગુલાલ ઉડાડવામાં આવ્યા હતા.

# ઊંઝા તાલુકાના પ્રમુખ-ઉપપ્રમુખ ચૂંટાયા

ઊંઝા, તા. ૨૨

ઊંઝા તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની યોજાયેલ ચૂંટણીમાં પ્રમુખ તરીકે કોંગ્રેસના શાન્તાબેન રામાભાઈ પટેલ (કરલી બેઠક)ને ઉપપ્રમુખ તરીકે કોંગ્રેસના અંબાલાલ હિરદાસ પટેલ વિરવાડા બેઠક ચૂંટાઈ આવ્યા હતા. ઊંઝા તાલુકા પંચાયતના હોદ્દેદારોની ચૂંટણી અંગે આજે જિલ્લા આયોજન અધિકારી મહેસાણાના અધ્યક્ષસ્થાને તાલુકાના ચૂંટાયેલા નવિન સદસ્યોની હાજરીમાં એક બેઠક યોજાઈ હતી. હોદ્દેદારોની આ ચૂંટણીમાં કોંગ્રેસના બે મહિલા ઉમેદવારો અને એક અપક્ષ મહિલા ઉમેદવારે પ્રમુખપદ માટે ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે ઉપપ્રમુખ પદ માટે અંબાલાલ હિરદાસ પટેલ અને બળદેવભાઈ ઈશ્વરદાસ પટેલે ઉમેદવારી ફોર્મ ભર્યા હતા. ચૂંટણી યોજાતા પ્રમુખપદના ઉમેદવાર શાંતાબેન પટેલને ૧૮ મત મળતા તેઓ પ્રમુખ તરીકે ચૂંટાયા હતા, જ્યારે હરીફ ઉમેદવારોને શુન્ય મત મળ્યા હતા. ઉપપ્રમુખની ચૂંટણીમાં અંબાલાલ પટેલને ૧૮ મત મળ્યા હતા. જેથી તેઓ ચૂંટાઈ આવ્યા હતા. હરીફ ઉમેદવારને શુન્ય મત મળ્યા હતા.